ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# કુદરતી સંસાધનો આધારિત ગૃહ ઉદ્યોગો સાથે સંકળાયેલ કુટુંબોની આર્થિક સ્થિતિ

## (ડાંગ જિલ્લાના સંદર્ભમાં)

**અક્ષયભાઈ કાસુભાઈ બાગુલ**

**PH.D Student**

**ECONOMICS DEPARTMENT**

**SAURASHTRA UNIVERSITY, RAJKOT**

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

**પ્રસ્તાવના :**

કોઇ પણ દેશના અર્થતંત્રનો આર્થિક વિકાસ કૃષિ, ઉધોગ અને સેવાના વિકાસ પર આધાર રાખે છે. અર્થતંત્રના વિકાસની પ્રક્રિયા ઝડપી બનતાં આ ક્ષેત્રમાં માળખાકીય પરિવર્તન આવે છે.

વર્તમાન સમયમાં વિશ્વ ઝડપી આર્થિક વિકાસના પ્રયત્નો કરે છે. આ ઝડપી આર્થિક વિકાસની આંધળી દોડમાં કુદરતી સંપતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એમાંય વિકસિત દેશોની દેખાદેખીથી વિકસતા જતા ગરીબ દેશો પણ તેમની હરોળમાં વિકાસ સાધવા મથી રહ્યા છે. બીજી બાજુ વિશ્વની વસ્તી ઝડપથી વધતી જાય છે. વર્તમાન વસ્તી પોતાની વધુને વધુ જરૂરિયાતોને સંતોષવા માટે કુદરતી સંપતિનો ઉપભોગ કરવા લાગી છે. પરંતુ તેમ છતાં રાષ્ટ્રના આવકની અસમાન વહેચણી થયેલ જોવા મળે છે.

ભારતનાં અર્થકરણમાં નાના અને કુટિર ઉધોગો વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આપની વિવિધ આર્થિક સમસ્યાઓમાં ઉત્પાદન અને રોજગારી વધારવાની સમસ્યા મૂખ્ય છે. જો આ બનેમાં નોધ પાત્ર વધરો કરવામાં આવે તો આર્થિક વિકાસની પ્રક્રિયા વેગીલી, ઝડપી અને ઓછી કષ્ટદાયક બનાવી શકાય. દેશમાં ઉત્પાદન થતાં રોજગારીની તકોમાં વધારો કરવા માટે નાના અને ગૃહ ઉધોગો ઘણો જ મહત્વનો ભાગ ભજવી શકે તેમ છે. અલબત આ ઉધોગો અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. જેની અસરો આખા ભારત દેશમાં જોવા મળે છે. આથી સરકારે સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ તરત જ અને આયોજન દરમિયાન પણ આ ઉધોગોનાં વિકાસ માટે વિશિષ્ટ પગલાઓ લીધા છે.

**ભારતના ગૃહ ઉધોગો અંગે સ્વતંત્રતા પહેલાની સ્થિતિ.**

આજ થી ૩૦૦ વર્ષ પહેલા અંગ્રેજો વેપાર કરવાના બહાને ભારતમાં 'ઈસ્ટ ઇન્ડિયા કંપની' નાં નેજા હેઠળ આવ્યા હતા. ધીમે ધીમે તેઓએ દેશમાં રાજ્યશાસન જીતી લીધું અને સમગ્ર દેશમાં સત્તા હાંસલ કરી. આ ૨૫૦ વર્ષના સમયગાળામાં ભારતમાં ૮૦% વસ્તી ગામડામાં વસ્તી હતી. તેમાંથી ૭૦% ખેતી અને તેના સાથે સંકળાયેલા વ્યવસાય સાથે જોડાયેલ હતી અને બાકીની કામ કરતી વસ્તી ગૃહ ઉધોગ સાથે જોડાયેલ હતી. આ સમયે આપણા દેશમાં વિવિધ પ્રકારનાં અનેક ગૃહ

ઉદ્યોગ ચાલતા હતા જેમકે કાપડ ઉદ્યોગ, વાંસ ઉદ્યોગ, હસ્તકલા કારીગરી ઉદ્યોગ, પથ્થર ઉદ્યોગ વગેરે ઉદ્યોગ ચાલતા હતા. ગામડામાં કાપડ, પગરખા, તેલ ઘાણી, સુથારી, લુહારી, દરજી કામ, વૈદ કામ વગેરે અનેક નાના–મોટા ગૃહ ઉદ્યોગો ચાલતા હતા. લોકોને રોજી રોટી અપાવતા હતા. ઢાકાનાં વણકરોની હોશિયારી અતિશય તીવ્ર હતી. તેને લીધે કાપડનો આખો તાકો દિવાસળીનાં એક ખોખા માંથી પસાર થતો હતો. આવું ઝીણું કાંતવાનું કામ એ લોકો કરતા હતા.

૨૫૦ વર્ષ જેટલો સમયગાળો અંગ્રેજોએ આ દેશમાં ગાળ્યો. આથી કાચો માલ ઇગ્લેન્ડ લઈ જવો અને ત્યાંથી તૈયાર માલ લાવીને અહી વેચવો એટલે કે આપણા ગૃહ ઉદ્યોગોમાં તૈયાર થયેલી વસ્તુઓનું વેચાણ ઘટવા લાગ્યું અને તેને લીધે આપણા ગૃહ ઉદ્યોગો તૂટી પડ્યા આમ ઈગ્લેન્ડમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે કાચો માલ ભારતમાંથી જાય અને તૈયાર માલ ભારતમાં વેચાણ માટે આવે. તેથી આપણાં ગૃહ ઉદ્યોગો ટકી શક્યા નહી. આમ ૨૫૦ વર્ષના અગ્રેજોના શાસનકાળ દરમિયાન ભારતના ગૃહ ઉદ્યોગો વધુ તુટ્યા અને તેના લીધે સામાન્ય માણસની આર્થિક સ્થિતિ વધારે કથળી. *(પ્રો રતિલાલ. જે. પટેલ)*

**ભારતના ગૃહ ઉદ્યોગો અંગે સ્વતંત્રતા પછીની સ્થિતી.**

૧૯૪૭માં ભારતને આઝાદી મળી ૧૯૫૧થી ભારતે આયોજન માર્ગ અપનાવ્યો. પહેલી પંચવર્ષીય યોજનાથી ગૃહ ઉદ્યોગોના વિકાસ માટે અલગ અલગ નિગમની રચના કરવામાં આવી. આમતો ૧૯૪૭ માં આઝાદી સમયે "ગૃહ ઉદ્યોગ નિગમની સ્થાપના કરવામાં આવી હતી. પણ પ્રથમ પંચવર્ષીય યોજનામાં આ બોર્ડને વિખેરી નાખી ત્રણ નવા નિગમની રચના કરવામાં આવી જે આ મુજબ છે.

(૧) અખિલ ભારત હસ્તકલા નિગમ.

(૨) અખિલ ભારત ખાદી અને ગ્રામોધોગ નિગમ.

(૩) નાના ઉદ્યોગ નિગમ.

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

ત્યાર પછી જુદી–જુદી પંચવર્ષીય યોજનાઓમાં વિવિધ નવી યોજનાઓ દાખલ કરવામાં આવી, અને ૧૯૭૯માં 'જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોનો કાયક્રમ અમલમાં મુકવામાં આવ્યો અને આમ છતા ભારતમાં હજુ પણ ગૃહ ઉદ્યોગોની સ્થિતિ જોઈએ એટલી સારી નથી તેને સુધારવા માટેના પ્રયત્નો ૨૧ મી સદીના બીજા દાયકામાં પણ ચાલુ છે.

જ્યાં કુદરતી સંસાધનો વિપુલ પ્રમાણમાં હોવા છતા જયાના ગૃહ ઉદ્યોગો વિકાસ માટેના પ્રશ્નો જોવા મળે છે. તેમાં પણ ખાસ કરીને ડાંગ જિલ્લાના સંદર્ભમાં આવા ઉદ્યોગોનું વિશેષ ધ્યાન દોરી શકાય, કે ત્યાં કુદરતી સંસાધનો તો વિપુલ માત્રામાં છે, પરંતુ ત્યાના ગૃહ ઉદ્યોગોની સ્થિતી નબળી જોવા મળે છે. અને તેમાં વિકાસ માટે અનેક કારણો અવરોધ બન્યા છે. *(પ્રો રતિલાલ. જે. પટેલ)*

**ઉત્પાદન ક્ષેત્રની મૂડીરોકાણની મર્યાદા:** (Manufacturing Enterprises)

**સ્રોત : http://www.dcmsme.gov.in/ssindia/defination_msme.htm**

**સંશોધન પ્રશ્ન :**

કુદરતી સંસાધનો આધારિત ગૃહ ઉદ્યોગોનો ઉદ્યોગીક માળખામાં હિસ્સો કેટલો?, ગૃહ ઉદ્યોગોના ઉત્પાદન વેચાણની સ્થિતિના પ્રશ્નો, ગૃહ ઉદ્યોગ સાથે જોડાયેલા કુટુંબોની આર્થિક પરિસ્થિતિ અને ગૃહ ઉદ્યોગો માટે સરકારની વિવિધ યોજનાઓ ફાળો કેટલો? તેમજ ડાંગ જિલ્લામાં જ્યાં કુદરતી સંસાધનો નો ખૂબ મોટો ભંડાર જોવા મળે છે અને આખા ગુજરાત રાજ્યમાંથી જ્યાં સૌથી વધારે વરસાદ વરસતો જોવા મળે ત્યાં શા માટે બીન કૃષિ ક્ષેત્ર અસ્તિત્વમાં આવ્યું ? આં બધી બાબતોને ધ્યાનમાં લઈને અભ્યાસ કરવામાં આવ્યો છે.

**અભ્યાસનું ક્ષેત્ર :**

સંશોધન માટે અભ્યાસક્ષેત્રની પસંદગી ઘણી મહત્વની છે. મારા અભ્યાસમાં ડાંગ જિલ્લાના ત્રણ તાલુકા (આહવા,વઘઈ અને સુબીર) માંથી સુબીર તાલુકામાં કાર્યરત તમામ કુટિર ઉદ્યોગો માંથી વાસકામ સાથે જોડાયેલા કુટુંબો અને તેમાં રોજગારી મેળવતા શ્રમિકોનો આર્થિક અભ્યાસના

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

આધારે ગ્રામ વિકાસમાં ગૃહ ઉદ્યોગોનો ફાળો તપાસવાનું કામ મેં મારા અભ્યાસ ક્ષેત્રમાં પસંદ કરેલ છે.

**સાહિત્ય સમિક્ષા:**

**વાઢેર ( ૨૦૨૦)** પોતાના સંશોધન લેખમાં " ભારતમાં ઔદ્યોગિક કાયદાઓનો અભ્યાસ" દ્વિતીય માહિતીને ધ્યાનમાં રાખીને રજૂઆત કરતાં જોવા મળે છે. જેમાં સંશોધકે ૧૯૫૧નો ઔદ્યોગિક વિકાસ અને નિયમન કાયદો, ૧૯૬૬ દરમિયાન હજારી સમિતિ અને દત સમિતિના અહેવાલોના વિકલ્પ રૂપે ૧૯૭૦ ( એમ. આર. ટી. પી.) ઇજારાશાહી નિયંત્રિત વેપાર વ્યવહાર કાયદો અને ૨૦૦૨માં હરીફાઈ કાયદાનો અભ્યાસ કરીને રજૂઆત કરતાં માલૂમ પડે છે, કે સરકાર દ્વારા નીમવામાં આવેલ કાયદાઓ દેશના ઔદ્યોગિક વિકાસમાં બાધારૂપ પુરવાર થયા છે. જેમાં સતત સંશોધન કરવાની જરૂર પડી છે. (Vadher, 2020)

**અજિતન ( ૨૦૧૬)** એ "કેરલના ગ્રામોધોગો પર વૈશ્વિકરણની અસર" એર્નાકુલમ જિલ્લાના હાથશાળ ઉદ્યોગોના સંદર્ભમાં સંશોધન અભ્યાસ કરેલ હતો. જેમાં સંશોધકે કેરળમાં વૈશ્વીકરણ પહેલા અને પછીના સમય દરમિયાન અપેક્ષ હાથવણાટ સામાજિક સંસ્થાઓ જેવી કે HANTEX અને HANDVEEV ની કામગીરીના મૂલ્યાંકનને તપાસેલ હતા. સંશોધકના તારણ મુજબ ગ્રામીણ ક્ષેત્રમાં બેકારી નિવારણમાં ગ્રામોઉદ્યોગોનો ફાળો ખૂબજ અગત્યનો માલુમ પડેલ હતો. વૈશ્વીકરણ પછીના સમય દરમિયાન રજિસ્ટર થયેલા ગ્રામોઉદ્યોગોનો ફાળો ખાદી ઉદ્યોગ કરતા તુલનાત્મક રીતે વધુ સારો જણાયો હતો. વૈશ્વિકીકરણના સમય દરમિયાન ઉદભવેલી સમસ્યાઓ જેવી કે પાવર લુમ ક્ષેત્ર સાથેની હરિફાઇ, થતી મશીનરી, કપાસ યાર્ન, વિરુદ્ધમાં ગયેલા W.T.O.ના કરારો, નીચી ગુણવત્તા, નીચી માંગ, યાર્નની અછત, પેટન્ટની ગેરહાજરી, માર્કેટિંગની સુધડ વ્યવસ્થાનો ધટેલું માલુમ પડ્યું હતું. જિલ્લામાં HWCS જેવીસહકારી મંડળીઓની બિન કાર્યક્ષમતાને લીધે આ ઉદ્યોગોને ખૂબ જ સહન કરવું પડ્યું હતું. HANTEX અને HANDVEEV જેવી સંસ્થાઓની કામગીરી નબળી માલુમ પડેલી હતી. (Ajithan, 2006)

**ભટ્ટ. એમ. (૨૦૧૬)** એ “ડાંગ જિલ્લાના કુટિર ઉદ્યોગોની આદિજાતિના આર્થિક વિકાસમાં ભૂમિકા એક અભ્યાસ વિષય” પર સંશોધન કાર્ય કરેલ છે. જેમાં તેમણે કુટિર ઉદ્યોગોને આદિજાતિના આર્થિક વિકાસ પરની અસરો, ઉદ્યોગો સંબંધિત યોજનાઓની માહિતી, તેમજ કુટિર ઉદ્યોગોના વિકાસ આડે આવતી સમસ્યાઓને તપાસવાનો પ્રયત્ન કર્યો છે. તેમણે આ અભ્યાસમાં કુટિર ઉદ્યોગોના વિકાસમાં આવતી સમસ્યાઓના નિવારણ માટે સુચનો પર વિશેષ ધ્યાન દોરેલું જોવા મળે છે. તેમના અભ્યાસમાં નિદર્શ માટે પસંદ કરેલા એકમોની માહિતી અવિશ્વાસની માલુમ પડે છે. (Bhatt, 2016)

**પટેલ. એ. (૨૦૧૬)** એ પોતાના શોધપત્ર “૨૧મી સદીમાં ભારતના ગૃહ ઉદ્યોગો અને નાના પાયાના ઉદ્યોગો નું મહત્વ” ભારતના ૧૯૯૧-૯૨ થી ૨૦૦૪-૦૫ના સેકન્ડરી માહિતીના આધારે ગૃહ ઉદ્યોગ અને નાના પાયાના ઉદ્યોગોના વિકાસની અસરોનું વર્ણન કરેલ છે. જેમાં બેકારીની સમસ્યા, ગરીબીમાં વધારો, ખેતીક્ષેત્રના વિકાસ પર વિપરિત અસરો, વિદેશી હૂંડિયામણ અછત અને કાચા માલના પ્રશ્નો વિશે ખૂબ જ ટૂંક માં માહિતી રજૂ કરી છે. (Patel, 2016)

**બથવાર ( ૨૦૧૪)** પોતાના સંશોધન “ ચર્મ ઉદ્યોગ એક ઐતિહાસિક વિહંગવાલોકનમાં ભારતમાં ચર્મ ઉદ્યોગનો ઉદ્ભવ અને તેના ઈતિહાસ દ્વારા તેમના મહત્વને સમજાવવાના પ્રયાસો કર્યો છે. તેમાં સંશોધકે સ્વતંત્રતા પહેલાની અને સ્વતંત્રતા બાદની ચર્મ ઉદ્યોગની પરિસ્થિતિને વર્ણવી છે. ઔદ્યોગિક ક્રાંતિના કારણે ચર્મ ઉદ્યોગનું ભંગાણ થવા લાગ્યું છે, અને તેની સાથે સંકળાયેલો વર્ગ બેકારીનો ભોગ બનવા લાગ્યો છે. તેમના સંશોધનમાં ૨૦૦૭ થી ૨૦૧૨ ઉત્પાદિત ચર્મની બનાવટોની સ્થિતિ દર્શાવી છે. સંશોધક ચર્મ ઉદ્યોગની મર્યાદા જણાતા કહે છે, કે ચર્મ ઉત્પાદનની પ્રક્રિયાથી હવાનું પ્રદૂષણ વધે છે. (Bathvar, 2014)

**ડો.લોહાણા (૨૦૧૪)** પોતાના પુસ્તક “સુક્ષ્મ, નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોના સમાવેશી વિકાસ”માં નાના પાયા અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો વિષય પર અગાઉ રજૂ થયેલ ૮ સંશોધન પેપરોને સમાવિષ્ટ કર્યા છે. તેમના પુસ્તકમાં તેઓએ લઘુ અને નાના પાયાના ઉદ્યોગોને ભારતીય ઔદ્યોગિકરણ અને અર્થતંત્રની કરોડરજ્જુ સમાન ગણાવ્યા છે. શ્રમની વિપુલતા, મૂડીની અછત અને આવકની અસમાનતા જેવી સમસ્યા ધરાવતા અલ્પવિકસિત અને પછાત રાષ્ટ્રો માટે આ ઉદ્યોગોને આશીર્વાદરૂપ ગણાવ્યા છે. વધુમાં તેઓએ ગ્રામ્ય અને પછાત વિસ્તારના અનુસૂચિત જાતિ અને

જનજાતિના લઘુ અને કુટિર ઉદ્યોગો સાથે સંકળાયેલા કારીગરો કેવી કેવી સમસ્યાઓનો સામનો કરે છે. તથા આ સમસ્યાને નિવારવા સરકાર અને સ્વૈચ્છિક સંગઠનો તરફથી કેવા પ્રયત્નો કરાય છે. અને હજુ કેવા પ્રયત્નોની જરૂર છે. તે બાબતો તેમણે પ્રકાશ પાડ્યો છે. (Lohana, 2014)

**ડાંગ જિલ્લાનો પરિચય :**

**ડાંગ જિલ્લાનો પરિચય :**

ગુજરાત રાજ્યમાં ગાઢ જંગલ ધરાવતો એક માત્ર જિલ્લો તરીકે ડાંગ ઓળખવામાં આવે છે. જ્યાં કુલ ૩૧૧ ગામો આવેલ છે. કુલ ત્રણ તાલુકાઓ અનુક્રમે આહવા, વઘઈ અને સુબીર આવેલ છે. ડાંગ જિલ્લામાં ૧૯૫૧માં ૪૭,૨૮૨ કુલ વસ્તી, ૧૯૬૧માં ૭૧,૫૫૪ કુલ વસ્તી, ૧૯૮૧માં ૧,૧૩,૬૬૪ કુલ વસ્તી, ૧૯૯૧માં ૧,૪૪,૦૯૧ કુલ વસ્તી, ૨૦૦૧માં ૧,૮૬,૭૨૯ કુલ વસ્તી અને ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૨,૨૬,૭૬૯ કુલ વસ્તી નોધાયેલ છે. તેમાંથી ૨૦૧૧ ની કુલ વસ્તી માંથી (પુરુષ ૧.૧૨,૯૭૨ અને સ્ત્રી ૧,૧૩,૭૯૩) અને અન્ય ૦૪ ની વસ્તી જોવા મળી છે. સામાજિક આર્થિક મોજણી ૨૦૧૨ મુજબ ડાંગ જિલ્લાની વસ્તી ૨,૫૩,૩૫૩ છે. લગભગ ૩૦,૦૦૦ લોકો દર વર્ષે મેં, સપ્ટેમ્બર દરમિયાન શેરડીમાં કટીગં અને દ્રાક્ષ યાર્ડમાં રોજગારી માટે નજીકના અલગ અલગ જગ્યાએ સ્થળાંતરિત થાય છે. જિલ્લા કક્ષા રાજ્યમાં વિસ્તારની દ્રષ્ટિએ ૨૫ માં ક્રમે આવે છે.*[illegible] 2011)*

VIDHYAYANA

**ડાંગ જિલ્લામાં કાર્યરત ગૃહ ઉદ્યોગો :**

ડાંગ જિલ્લામાં ભારત સરકાર તરફથી માન્યતા મળેલ એવા કુદરતી સંસાધન આધારીત ગૃહ ઉદ્યોગોની સુચી નીચે મુજબ છે.

**(૧) વાસ કામ**

**(૨) સુથારી કામ**

**(૩) જડી બુટ્ટી ઉદ્યોગ**

**(૪) માટી કામ (માટીના વાસણ, ઇટ કામ)**

**(૫) મધ ઉત્પાદન**

**(૬) હસ્ત કલા ઉદ્યોગ (ઘાસ માંથી ટોપી, વારલી ચિત્રો,વાજિંત્રો બનાવા)**

**(૭) મત્સ્ય ઉદ્યોગ**

**સંશોધન પ્રશ્ન:**

કુદરતી સંસાધનો આધારિત ગૃહ ઉદ્યોગોનો ઉદ્યોગીક માળખામાં હિસ્સો કેટલો ?, ગૃહ ઉદ્યોગોના ઉત્પાદન વેચાણની સ્થિતિના પ્રશ્નો, ગૃહ ઉદ્યોગ સાથે જોડાયેલા કુટુંબોની આર્થિક પરિસ્થિતિ અને ગૃહ ઉદ્યોગો માટે સરકારની વિવિધ યોજનાઓ ફાળો કેટલો? ધ્યાનમાં લઈને અભ્યાસ કરવામાં આવ્યો છે.

**અભ્યાસનું ક્ષેત્ર :**

સંશોધન માટે અભ્યાસક્ષેત્રની પસંદગી ઘણી મહત્વની છે. મારા અભ્યાસમાં ડાંગ જિલ્લાના ત્રણે તાલુકા (આહવા,વઘઇ અને સુબીર) માં કાર્યરત તમામ ગૃહ ઉદ્યોગ તેમજ તેના સાથે જોડાયેલા કુટુંબો અને તેમાં રોજગારી મેળવતા શ્રમિકોનો આર્થિક અભ્યાસ, ના આધારે ગ્રામ વિકાસમાં ગૃહ ઉદ્યોગોનો ફાળો તપાસવાનું કામ મેં મારા અભ્યાસ ક્ષેત્રમાં પસંદ કરેલ છે.

**અભ્યાસના હેતુઓ :**

**(૧) ડાંગ જિલ્લાના ઉદ્યોગીક માળખામાં ગૃહ ઉદ્યોગોનો દરજ્જો જાણવો.**

**(૨) ગૃહ ઉદ્યોગોના ઉત્પાદન વેચાણની સ્થિતિ નો અભ્યાસ કરવો.**

**(3) ગૃહ ઉદ્યોગો સાથે જોડાયેલા કુટુંબોની આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો.**

**અભ્યાસની પરિકલ્પના :**

(૧) ડાંગ જિલ્લાના ગૃહ ઉદ્યોગો મુખ્યત્વે કુદરતી સંસાધન આધારિત છે.

(૨) ગૃહ ઉદ્યોગની પેદાશોને બજાર વ્યવસ્થાના અવરોધો નડે છે.

(૩) ડાંગમાં ગૃહ ઉદ્યોગના કારણે બિન કૃષિ ક્ષેત્રે રોજગારીનું સર્જન થવા પામ્યું છે.

**સંસોધન પદ્ધતિ અને માહિતીનું એકત્રીકરણ :**

હાથ ધરવામાં આવેલ સંસોધનકાર્ય દરમિયાન ખાસ કરીને પ્રાથમિક માહિતી અને દ્વિતીય માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેની અંદર નિદર્શ પસંદગી તરીકે ડાંગ જિલલાના કુલ ૩૧૧ ગામડાઓ માંથી ગૃહ ઉદ્યોગો સાથે સંકળાયેલા ૯૦૮ પરિવારો માંથી ૧૫ ટકા લેખે કુલ ૧૩૬ કુટુંબોની પસંદગી કરવામાં આવી છે. અને તેમના પાસેથી પ્રાથમિક માહિતી મેળવવામાં આવી છે. તેમજ દ્વિતીય માહિતીના ભાગ રૂપે MSME ના રીપોર્ટ જિલલા ગૃહ ઉદ્યોગની માહિતી અને અન્ય દસ્તાવેજી માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**ડાંગ જિલ્લાનાં ઔદ્યોગિક માળખામાં ગૃહ ઉદ્યોગોનો દરજ્જો :**

કોઈ પણ જિલ્લાનાં ઔદ્યોગિક માળખામાં ગૃહ ઉદ્યોગોનાં દરજ્જા ને સમજવામાટે ગૃહ ઉદ્યોગોની વસ્તુ ઉત્પાદન ક્ષમતા વસ્તુ વેચાણ માંથી મળતી આવક અને વસ્તુ ઉત્પાદન પાછળ કરવામાં આવતો ખર્ચનો ખ્યાલ મેળવવો ખૂબ આવશ્યક સાબિત થાય છે, જે અંગેની માહિતી નીચેનાં કોષ્ટકમાં જાણી શકાય છે.

**નોંધ :** વાસ કામ જૂથ (A), સુથારી કામ જૂથ (B),જડી બુટ્ટી ઉદ્યોગ જૂથ (C), માટી કામ (D), મધ ઉત્પાદન જૂથ (E), હસ્ત કલા ઉદ્યોગ જૂથ (F) અને મત્સ્ય ઉદ્યોગ જૂથ (G) નામો આપવામાં આવ્યા છે.

**કોષ્ટક : ૧.૧**

**તૈયાર માલનું માસિક સરેરાશ ઉત્પાદન, આવક અને ઉત્પાદન પાછળ થતોખર્ચ દર્શાવતું કોષ્ટક :**

| ક્રમ | **જુથ** | **વસ્તુઓનું સરેરાશ ઉત્પાદન** | **વસ્તુ વેચાણ માંથી સરેરાશ આવક** | **ઉત્પાદન પાછળ સરેરાશ ખર્ચ** |
|---|---|---|---|---|
| ૧ | A | ૧૯૨.૭૮ | ૩,૪૯૨.૯૬ | ૧૨૦૬.૨૫ |
| ૨ | B | ૧.૭૧ | ૪,૬૨૮.૫૭ | ૧૦૮૫.૭૧ |
| 3 | C | ૯.૯૩ | ૩,૧૩૩.૩૩ | ૧૦૬૬.૬૬ |
| ૪ | D | ૬૮૧૨.૬ | ૩૪,૦૬૩.૧ | ૫૬૭૭.૧૬ |
| ૫ | E | ૩૧.૫ | ૯,૪૫૦.૧ | ૨૫૦૬.૧૨ |
| ૬ | F | ૮૬.૫ | ૯,૬૭૧.૩૧ | ૬૯૬૨.૫ |
| ૭ | G | ૯૩.૬ | ૨૮,૦૮૦ | ૪૬૮૦.૨૧ |
| કુલ | – | **૧૦૩૨.૬૬** | **૧૩,૨૧૭.૦૫** | **૩૩૧૨.૦૯** |

સ્રોત : પ્રાથમિક માહિતી (૨૦૧૮-૨૦૧૯)

**તારણો :** ઉપર રજૂ કરવામાં આવેલ કોષ્ટક પરથી જાણી શકાય કે જૂથ  વસ્તુઓનું સરેરાશ માસિક ઉત્પાદનનું પ્રમાણ ૬૮૧૨.૬ છે, જે અન્ય જૂથોનાં પ્રમાણથી વધારે જોઇ શકાય છે. કરણ કે જૂથ A એ માટીકામ જેમાં માટી માંથી ઈટો પડવાનું કામ જથ્થાબંધ જોવા મળે છે. અને  જૂથની સરેરાસ માસિક આવક પણ અન્ય જૂથોની સરખામણીમાં સૌથી વધુ સરેરાસ ૩૪,૦૬૩.૧ રૂપિયા જોવા મળે છે. અને તેનો સરેરાસ ખર્ચ પણ ૫૬૭૭.૧૬ રૂપિયા માસિક જોવા મળ્યો છે.

તેની સામે જૂથ □ સરેરાસ માસિક ઉત્પાદન ૧.૭૧ જે અન્ય જૂથો ની સરખામણીમાં સૌથી ઓછું જોવા મળેલ છે. કારણ કે જૂથ □ ના કુટુંબો સુથારીકામ સાથે સંકળાયેલ જોવા મળ્યા છે. જેમની ઉત્પાદન ક્ષમતા અન્ય જૂથોની સરખામણીમા ઓછી પરંતુ તેમના ઉત્પાદિત વસ્તુમાં વધારાનો શ્રમ માંગી લેતું જોવા મળે છે. આ જૂથની સરેરાસ આવક ૪૬૨૮.૫૭ રૂપિયા માસિક નોધાયેલ છે. આને આ જુથનું માસિક સરેરાસ ઉત્પાદન ખર્ચ ૧૦૮૫.૭૧ જોવા મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટકમાં સરેરાસ માસિક ઉત્પાદનમાં જૂથ □ સૌથી આગળ જોવા મળે છે. જયારે સૌથી ઓછા ઉત્પાદનમાં  જૂથ □ મોખરે જોઈ શકાય છે. તેમજ સરેસર માસિક આવકમાં પણ જૂથ □ સૌથી આગળ છે. જયારે માસિક સરેરાસ આવકમાં સૌથી ઓછી સરેરાસ આવક જૂથ □ ની જોવા મળે છે, જે રૂપિયા ૩૧૩૩.૩૩ નોધાયેલ છે. તેમજ સરેરાસ માસિક ઉત્પાદન ખર્ચની બાબતમાં જૂથ □ ના ખર્ચા અન્ય જૂથોની સરખામણીમાં સૌથી વધુ નોધાયેલ જોવા મળે છે. જયારે સૌથી ઓછું માસિક ઉત્પાદન ખર્ચ જૂથ □ નું નોધાયેલ જોવા મળે છે.

**ગૃહ ઉદ્યોગોની ઉત્પાદન અને વેચાણની સ્થિતીનો ખ્યાલ :**

ગૃહ ઉદ્યોગોના ઉત્પાદન અને વેચની સ્થિતીનો ખ્યાલ મેળવવા માટે ઉદ્યોગોનાં ઉત્પાદન, આવક, ખર્ચ અને બજાર અંગેની માહિતીનો અભ્યાસ કરવું આવશ્યક છે. આપડે કોષ્ટક નંબર ૧.૧ માં ઉત્પાદન,આવક અને ખર્ચ અંગેનો ખ્યાલ મેળવ્યો અને હવે આપડે ઉદ્યોગોના બજાર વ્યવસ્થાનો ખ્યાલ નીચેના કોષ્ટક માંથી મેળવીશું.

VIDHYAYANA

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

## કોષ્ટક ૧.૨

### ઉત્તરદાતા તૈયાર માલનું વેચાણ ક્યાં કરે છે તે અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક :

| જુથ | બજાર | | કુલ |
|---|---|---|---|
| | સ્થાનિક બજાર | રાષ્ટ્રીય બજાર | |
| A | ૮૧ (૭૯.૪૧) | ૨૧ (૨૦.૩૮) | ૧૦૨ (૧૦૦) |
| B | ૭ (૭૭.૭૭) | ૨ (૨૨.૨૨) | ૯ (૧૦૦) |
| C | ૫ (૮૩.૩૩) | ૧ (૧૧.૧૧) | ૬ (૧૦૦) |
| D | ૩ (૧૦૦) | ૦ (૦.૦) | ૩ (૧૦૦) |
| E | ૨ (૫૦) | ૨ (૫૦) | ૪ (૧૦૦) |
| F | ૧ (૨૫) | ૪ (૭૫) | ૫ (૧૦૦) |

| | | | |
|---|---|---|---|
| G | ૭<br><br>(૧૦૦) | ૦<br><br>(૦.૦) | ૭<br><br>(૧૦૦) |
| **કુલ** | **૧૦૬**<br><br>**(૭૭.૯૪)** | **૩૦**<br><br>**(૨૨.૦૫)** | **૧૩૬**<br><br>**(૧૦૦)** |

સ્રોત : પ્રાથમિક માહિતી (૨૦૧૮-૨૦૧૯)

**તારણો :** કોષ્ટક નંબર ૧.૨ માં જાણી શકાય છે કે પસંદ કરાયેલ કુલ કુટુંબો માંથી ૭૭.૯૪ ટકા કુટુંબો પોતાની ઉત્પાદિત વસ્તુઓને સ્થાનિક બજારમાં વેચાણ કરતા જોવા મળે છે, કરણ કે તેઓ એવા પ્રકારની વસ્તુઓ ઉત્પાદન કરે છે, જેના માટે રાષ્ટીય બજારમાં ખૂબ ઓછી માંગ થાય છે અને અને આં વસ્તુઓ એવા પ્રકારની હોઈ છે જે મહાદ અંશે ગ્રામીણ વિસ્તારોમાં ઉપયોગી સાબિત થઇ છે.

જયારે ૨૨.૦૫ ટકા કુટુંબો પોતાની ઉત્પાદિત વસ્તુનું વેચાણ રાષ્ટ્રીય બજારમાં કરે છે કરણ કે તેઓ જે વસ્તું ઉત્પાદન કરે છે તે વસ્તુની માંગ રાષ્ટ્રીય બજારમાં મોટા પ્રમાણ માં જોવા લઈ છે, અને તેઓ વસ્તુ વેચાણ માટે મોટા વેપારી તથા કોન્ટ્રાકટની મદદ લેતા જોવા મળ્યાં છે.

**ગૃહ ઉદ્યોગ સાથે જોડાયેલા કુટુંબોની આર્થિક સ્થિતીનો ખ્યાલ :**

કોઇ પણ કુટુંબની આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ તેની આવક, ખર્ચ અને બચતનાં આધારે મેળવી શકાય છે. આવક દ્વારા જીવનધોરણનો ખ્યાલ મેળવી શકાય છે, કુટુંબની આવકમાં ધંધો, નોકરી, ખેતી, ખેતમજુરી, પશુપાલન, અને છુટક મજુરી વગેરે આવકના સાધનો દ્વારા કુટુંબની આવક મેળવી શકાય છે. તેની સાથે સાથે કુટુંબનો ખર્ચ અને બચતનો અભ્યાસ કરવું એટલું જ જરૂરી છે.

**કુટુંબની કુલ સરેરાશ માસિક આવક ખર્ચ અને બચત અંગેની માહિતી દર્શાવતું આલેખ :**

સ્રોત : પ્રાથમિક માહિતી (૨૦૧૮-૨૦૧૯)

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

**તારણો:** ઉપર દર્શાવેલ આલેખમાં જોઇ શકાય છે કે જૂથ  ની કુલ સરેરાશ માસિક આવક અને સરેરાશ માસિક બચત અન્ય જૂથોની સરખામણીમાં વધારે છે, કારણ કે જૂથ  માટી કામ (ઈંટો અને માટીના વાસનો) જેવા સાધનોનું ઉત્પાદન કરે છે. જેની માંગ સ્થાકીન અને રાષ્ટ્રીય બજારમાં સારા પ્રમાણમાં જોવા મળે છે. જેનું વળતર પણ તેમણે સારું મળે છે. તેની સાથે તેના ખર્ચા પણ વધારે જોવા મળ્યાં છે, કારણ કે તેઓ વસ્તુ ઉત્પાદનમાં ટેકનોલોજી અટેલે કે મશીનો નો ઉપયોગ કરતા જોવા મળ્યાં છે.

અહી આપડે દેખીતી રીતે જોઇ શકીએ છીએ કે જૂથ , જૂથ , જૂથ , અને જૂથ  ની સરખામણીમાં કુલ માસિક સરેરાસ આવક, કુલ માસિક સરેસર ખર્ચ અને કુલ માસિક સરેરાસ બચત જે જૂથ , જૂથ  અને જૂથ  કરતા વધારે જોવા મળે છે. જયારે જૂથ , જૂથ  અને જૂથ  અન્ય જૂથોની સરખામણીમાં આ ત્રણે જૂથો જૂથ , જૂથ , જૂથ , અને જૂથ થી ઉતરતા ક્રર્મના જોઇ શકાય છે.

**સુચનો :** ડાંગ જિલ્લામાં કાર્યરત કુદરતી સંસાધન આધારિત તમામ કુટુંબો માટે સરકાર તરફથી યોગ્ય બજાર વ્યવસ્થા પુરી પાડવામાં આવે અથવા તેમના દ્વારા ઉત્પાદિત કરવામાં આવેલ વસ્તુઓને યોગ્ય વળતર મળી રહે તેવી વ્યવસ્થા પુરી પાડવા માટે આયોજન કરવું જરૂરી છે. તેમજ આ સ્વરોજગારી સાથે જોડાયેલા કુટંબોને કાચામાલ મેળવવા માટે ઘણી સમસ્યાનો સામનો કરવો પડે છે જે દૂર કરવા માટે પ્રયત્નો કરવા જોઇએ.

## <u>સંદર્ભ સૂચી :</u>


- “પ્રો રતિલાલ .જે,ઉદ્યોગ કુટિર ,અર્થશાસ્ત્ર કૃષિ ,“પટેલ . યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડઅમદાવાદ, ,dang districtcensus 2011
- Small Industries Extension Training . 1972. “*A STUDY OF national Small Industries Corporation Hire Purchase*”. Hyderabad Siet Institute.

- Indian Institute of Managemente (1988)".Evaluation of DIC Programme." Andra Pradesh, Bengalore.
- https://gu.wikipedia.org/wiki/ડાંગ(2017-04-20 pm 04:12 :Time) જિલ્લો_
- પાઠક ચંદ્રકાંત (૧૯૯૧). "*નાના મોટા ઉદ્યોગ માટેનો સથવારો*", કીસાન સંમેલન, ગૃહ ઉદ્યોગ વિભાગ ગુજરાત.
- Ajithan, M. B. (2006, November). *Impact of Globalization On The Village Industries In Kerala – A Study With Special References to Handloom Industries In Ernakulam District*. (D. thesis, Producer, & Mahatma Gandhi University) Retrieved March 10, 2020, from Shodhganga: http://hdl.handle.net/10603/7123
- Bathvar, V. M. (2014). ચર્મ ઉદ્યોગ : એક ઐતિહાસિક વિહંગાવલોકન. (KCG, Ed.) *Knowledge Consortium of Gujarat* (13), 1-5.
- Bhatt, M. (2016, March 28). *Dang jillana Kutir Udhyogoni Aadijatina Aarthik vikasma Bhumika Ek Abhyas*. (D. thesis, Producer, & Maharaja Krishnakumarsinhji Bhavnagar University) Retrieved March 10, 2020, from Shodhganga: http://hdl.handle.net/10603/129320
- Lohana, S. (2014). *New Century Publications*. Retrieved March 10, 2020, from info@newcenturypublications.com: https://www.newcenturypublications.com/servlet/ncpGetBiblio?bno=365
- Patel, A. H. (2016). એકવીસમી સદીમાં ભારતમાં ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનું મહત્વ. *Knowledge Consortium of Gujarat* (21), 1-3.
- Vadher, J. S. (2020). ભારતમાં ઔદ્યોગિક કાયદાઓ. *Knowledge Consortium of Gujarat* (40), 1-3.